# આત્મધર્મ

માસિક : વર્ષ-૫ * અંક-૯ * ફેબ્રુઆરી, ૨૦૧૧



જ્ઞાનનંદ સ્વભાવમાં વિકલ્પનું ઉત્થાન છે જ નહીં. તેમાં પરપદાર્થનો તો ત્રિકાળ અભાવ છે તથા એમાં શુભાશુભ પરિણામ ઉઠે છે એનો પણ અભાવ છે—એમ જ્ઞાનમાં એકાગ્ર થઈને વિકલ્પને પૃથક્ કરવો તે જ આત્માના હિતનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહીં.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જેમના હૃદયમાં અનુભવનો સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે; જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી, સમતા પ્રત્યે જેમને પ્રેમ અને મમતા પ્રત્યે દ્વેષ છે; જેમની દૃષ્ટિ માત્રથી મોક્ષમાર્ગ સધાય છે અને જે કાયક્લેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે, તે સમ્યગ્જ્ઞાની જીવોને વિષય-ભોગ પણ સમાધિ છે, હાલવું-ચાલવું એ યોગ અથવા આસન છે અને બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે. ૧૨૦૫.

*(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, શ્લોક-૨૯)*

* કામ ઔર ધન હંમેશા નિર્મલ ધ્યાનકે રોકનેવાલે હૈં, મહાન દુષ્ટ હૈં, આત્માકે વેરી હૈં, ઉન દોનોંકો છોડ દેના ચાહિયે તબ માનવોકો સુખ પૈદા હોતા હૈં. ૧૨૦૬. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૦૯)*

* જેવી રીતે દાવાનળ દ્વારા સૂકાં અને લીલાં વૃક્ષો બળી જાય છે તેવી જ રીતે ધ્યાનના પ્રક્રમણથી-પ્રજ્વલનથી, પાકા-કાચા કર્મોના સમૂહ ભસ્મ થઈ જાય છે. ૧૨૦૭. *(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, નિર્જરા અધિકાર, ગાથા-૩)*

* હે દેવી! જ્યારે તારી લક્ષ્મીની સ્તુતિ કરતાં શ્રુતકેવળીઓ પણ એ સ્વીકારે છે કે 'અમે સ્તુતિ કરવામાં અસમર્થ છીએ' તો પછી મારા જેવા અલ્પજ્ઞ મનુષ્ય જે તારા વિષયમાં 'જય' અર્થાત્ 'તું જયવંત હો' એવા બે અક્ષર કહે છે તેને પણ સાહસ જ સમજવું જોઈએ. ૧૨૦૮.

*(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક-૪)*

* કાળના નિમિત્તથી આ પુદ્ગલો સ્વયં આવે છે, સ્વયં જાય છે, સ્વયં મળે છે, સ્વયં વિખરાય છે, આપોઆપ પુદ્ગલ જોડાઈને વધે છે, આપોઆપ પુદ્ગલ છૂટા પડીને ઘટી જાય છે. દેખો-આ પુદ્ગલનો પણ પોતાના પુદ્ગલની જાતિ સાથે તો સંબંધ છે, "પરંતુ આ જીવને એ પુદ્ગલો પણ ત્રણ કાળમાં ક્યારેય સ્પર્શ્યા નથી, પુદ્ગલો આપોઆપ જ ખેલે છે." ૧૨૦૯.

*(શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૦૩)*

વર્ષ-૫

અંક-૬

સંવત

૨૦૬૭

February

A.D. 2011






શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


# શુભરાગમાં ધર્મ-બુદ્ધિ સંસારનું મૂળ છે

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૩૯)

આ શ્રી સમયસાર નાટકનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. તેમાં ૯૩, ૯૪, ૯૫ પદ્ય સાથે છે. તે નીચે ''न करोमि न कारयामि न कुर्वन्तमप्यन्यं समनुजानामि मनसा च वाचा च कायेन चेति''નો વિસ્તાર છે.

'કર્મપ્રપંચ મિથ્યા છે'

मैं कीनौं मैं यौं करौ, अब यह मेरो काम।
मन वच कायामैं बसै, ए मिथ्या परिनाम।।९३।।

मनवचकाया करमफल, करम-दसा जड अंग।
दरबित पुग्गल पिंडमय, भावित भरम तरंग।।९४।।

तातैं आतम धरमसौं, करम सुभाउ अपूठ।
कौन करावे कौ करै, कोसल है सब झूठ।।९५।।

અર્થ :—મેં આ કર્યું, હવે આમ કરીશ, આ મારું કાર્ય છે, આ સર્વ મિથ્યાભાવ મન-વચન-કાયામાં નિવાસ કરે છે. (૯૩). મન-વચ-કાયા કર્મજનિત છે, કર્મ-પરિણતી જડ છે, દ્રવ્યકર્મ પુદ્ગલના પિંડ છે અને ભાવકર્મ અજ્ઞાનની લહેર છે. (૯૪). આત્માર્થી કર્મ-સ્વભાવ વિપરીત છે તેથી કર્મ કોણ કરાવે? કોણ કરે? આ બધી ચતુરાઈ મિથ્યા છે. (૯૫).

मैं कीनो मैं यौं करौ....મેં શરીર, કર્મ અને રાગાદિની ક્રિયા કરી એ વાત જૂઠી છે. જ્ઞાનસ્વભાવી આત્મામાં શરીર આદિની ક્રિયા કરવાનો અધિકાર નથી. જ્ઞાનાનંદ-ચૈતન્ય સ્વભાવી વસ્તુનું ભાન જેને થયું કે હું તો જ્ઞાનાનંદસ્વભાવી છું તે આ શરીર, રાગાદિના કામ મારા છે એમ માને નહીં.

શરીરનું કામ કરું, ધંધાનું કામ કરું, દેશનું કામ કરું, શાસ્ત્રનું કાર્ય કરું, રાગને કરું, એ બધો મિથ્યાભાવ છે. કરવું એ તો મરવું છે. મેં આ કામ કર્યા, હવે હું આ કામ કરીશ, આ તો મારું જ કામ છે—એ પ્રકારે જે પરના કર્તાપણાનું માન છે તે મિથ્યાત્વભાવ છે.

मन वच कायामैं बसै....મનથી રાગ કરું, વાણીમાં એમ બોલું અને દેહની ક્રિયા કરું એ ત્રણેય કર્તાપણું જીવને મિથ્યાદૃષ્ટિમાં ભાસે છે.

હિસાબના ચોપડાના ઓડિટ તો અમને જ આવડે, લાદીમાં (ડીઝાઈન) ભાત કેવી કરવી તે અમને જ આવડે એમ અનેક પ્રકારે અજ્ઞાની ચતુરાઈ માને છે તે બધું દૃષ્ટિનું મિથ્યાપણું છે.

मनवचकाया करमफल....મન-વચન-કાયાની ક્રિયા અને રાગ-દ્વેષભાવ એ બધા કર્મજનિત ભાવ છે, આત્માજનિત ભાવ નથી. તો શું જીવની હુશિયારા વગર આટલા બધા પૈસા ભેગા થતાં હશે? પાપની મહેનત કર્યા વગર પૈસા મળતાં હશે? મેં દેહની, ધંધાની, રાગની ક્રિયા કરી અને હજુ પણ હું એ ક્રિયા કરવાનો છું–આવી જે રાગની-વિકારની ક્રિયા તે પણ કર્મજનિત છે ને દેહની ક્રિયા પણ કર્મજનિત છે, આત્માની એ ક્રિયા નથી.

करम-दसा जड़ अंग। કરમ એટલે પુણ્ય-પાપના ભાવ પણ જડ-અચેતનભાવ છે અને કર્મ પણ જડભાવ છે. જ્ઞાતાદૃષ્ટા આનંદકંદ સ્વભાવ પાસે પુણ્ય-પાપભાવ પણ જડ છે. વ્યંવહાર રત્નત્રયનો વિકલ્પ-રાગ તે પણ જડ છે અને શરીર-વાણી-મન તો જડ છે જ.

दरबित पुग्गल पिंडमय....દ્રવ્યકર્મ છે તે પુદ્ગલનો પિંડ છે અને ભાવકર્મ છે તે ભ્રમણાના તરંગ છે કેમ કે આત્મા તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છે તે રાગ અને પરનું શું કરે? છતાં તેનું કરે છે એમ માનવું તે મિથ્યાભાવ છે, મહામિથ્યાત્વભાવ

છે. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપભાવ કરવા તે ભ્રમણાની દશા છે. શલ્ય છે. ભ્રમણા છે તે અજ્ઞાનની લહેર છે.

આપણે અહીં શાસ્ત્ર નવું છાપવાનું હોય તો પહેલાં રામજીભાઈ વાંચે, છપાઈ જાય પછી પણ વાંચે, વજુભાઈ મકાન બનાવવાના કામમાં ઈજનેર તરીકે ઊભા રહે, લાખોના મકાન તેમની દેખરેખમાં બન્યા! તો અહીં કહે છે કે એ બધા જડના કાર્ય છે, ચેતનના એ કાર્ય નહીં. પરમાણુ આદિની ક્રિયા જડ પોતે કરે છે. આત્મા તેને કરે છે એવી ભ્રમણા મિથ્યાદૃષ્ટિ જ કરે છે. તેથી કહ્યું કે એ અજ્ઞાનની લહેર છે.

અજ્ઞાનીને આ મેં કર્યું, મારે કરવું છે, આ હું કરીશ એવી મિથ્યા માન્યતામાં જ જીવન ચાલ્યું જાય છે. એણે પરમાં કાંઈ કર્યું નથી પણ એવી ભ્રમણાના તરંગોમાં ઉંમર પૂરી થઈ જાય છે.

ભગવાન તો ચૈતન્યમૂર્તિ પ્રભુ છે તે, અજ્ઞાન એવા રાગાદિ જડભાવને શું કરે? જડભાવનો એને કર્તા માનવો એ અજ્ઞાન છે.

तातैं आतमधरमसौं करम सुभाउ अपूठ। જ્ઞાનજ્યોતસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ આનંદકંદ આત્માને પુણ્ય-પાપ વિકલ્પો કે રાગ અડતા નથી. દુશ્મન એવા જડના એ ભાવ છે, કર્મના ભાવ છે. અહા! પુણ્ય-પાપના ભાવ આત્માને અડતા નથી. ગજબ વાત છે ને! આવડત ન હોય તો લાપસી બગડી જાય. એ બધું કહેવાય છે તે મૂઢની માન્યતા છે. એ માને છે કે આ બધુ મારી ચતુરાઈથી થાય છે, પણ જડના કાર્ય જડથી થાય છે, તારાથી ક્યાં થવાના હતાં! તું તો અરૂપી ચૈતન્ય છો, જડને અડતો પણ નથી તો તેના કામ તું શી રીતે કરે! તારો તો જ્ઞાન અને આનંદ સ્વભાવ છે તેને છોડીને આ કરું, તે કરું એ બધો અજ્ઞાનભાવ છે, અજ્ઞાનીનું કૌશલ એટલે ચતુરાઈ બધી જૂઠી છે.

અરે! વિકલ્પને પણ કોણ કરે? અજ્ઞાની એમ માને છે કે હું કરું છું પણ ચૈતન્યના સ્વભાવમાં રાગ-દ્વેષ કરવાનો સ્વભાવ જ નથી. પોતાને છોડીને રાગનું કે પરનું કાર્ય કરવું એ આત્માનો ધર્મ જ નથી. આત્માનો સ્વભાવ તો સર્વજ્ઞ છે. એટલે સર્વને જાણવાનો સ્વભાવ છે. કર્મસ્વભાવ આત્માથી વિપરીત છે. માટે, કર્મનો કર્તા આત્મા થતો નથી. છતાં મૂઢ એમ માને છે કે મારી ચતુરાઈથી હું આ કેસ જીતી ગયો. ભાઈ! તું જીતાઈ ગયો છો, મૂઢ છો.

અનાદિથી જીવ આત્માના ધર્મને ભૂલીને રખડે છે. આત્માનો ધર્મ તો જાણવું અને દેખવું છે. રાગનું કરવું, પુણ્યનું કરવું, વ્રત પાળવા આદિ જીવનો સ્વભાવ નથી. વિકાર ને વિભાવને કરવા એ જીવનો સ્વભાવ કેમ હોય? વિકાર તો કૃત્રિમ છે તેનો કર્તા થવા જાય છે એ મિથ્યા ચતુરાઈ છે. પોતે તો ત્રિકાળ જ્ઞાન અને આનંદનો કંદ છે.

કોઈ કહે કે આ તો આત્મા અને જડકર્મ બંને મલ્લ વચ્ચેની લડાઈ છે, પણ એમ નથી. અજ્ઞાની એમ માને છે કે હું રાગ કરું છું અને કર્મની ક્રિયા કરું છું. કાંઈ કર્મ તેની સાથે લડતું નથી.

હવે, ૯૬મા પદ્યમાં મોક્ષમાર્ગમાં ક્રિયાનો નિષેધ કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હો કે ખાવા-પીવા-કમાવા આદિનો અશુભરાગ હો તે બધાનો મોક્ષમાર્ગમાં નિષેધ છે. ખરેખર તો અહીં શુભરાગથી મોક્ષ થવાનો નિષેધ છે. પરોપકારનો ભાવ આવે કે ઉપવાસ, તપ આદિનો ભાવ આવે તે બધો રાગ છે એ મોક્ષમાર્ગ નથી.

'મોક્ષમાર્ગમાં ક્રિયાનો નિષેધ'

करनी हित हरनी सदा, मुकति वितरनी नांहि।
गनी बंध-पद्धति विषै, सनी महादुखमांहि॥९६॥

અર્થ :—ક્રિયા આત્માનું અહિત કરનાર છે, મોક્ષ આપનાર નથી. તેથી, ક્રિયાની ગણતરી બંધ-પદ્ધતિમાં કરવામાં આવી છે, એ મહા દુઃખથી લિપ્ત છે.

અહાહા! આવું સાંભળીને લોકો રાડ નાંખે છે. પંડિતોમાં ખળભળાટ થઈ જાય છે.

करनी हित हरनी सदा....પુણ્યની ક્રિયાનો ભાવ આત્માના હિતનું હરણ કરનારી છે. ગજબ વાત છે ને! અહીં કહે છે કે શુભભાવ આત્માના હિતનું હરણ કરે છે ને લોકો માને છે કે શુભભાવ આત્માના હિતમાં મદદ કરનાર છે. બનારસીદાસજી કહે છે કે સદા એટલે ત્રણેકાળમાં શુભભાવ જીવને હિતનું કરનાર છે એમ નથી, અહિત કરનાર છે. પાપના પરિણામ તો હિત કરનાર નથી અહિત કરનાર છે એ તો બધા જાણે છે પણ, આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એવો જે વિકલ્પ છે તે આત્મહિતમાં મદદરૂપ નહીં પણ અહિતરૂપ છે. શુભરાગ હોય છે પણ તે હિતરૂપ

નથી. આ કોણ કહે છે? ભગવાન ત્રિલોકીનાથની વાણીમાં આવેલી વાત કુંદકુંદાચાર્યદેવે શાસ્ત્રમાં લખી છે અને તેનો વિસ્તાર અહીં બનારસીદાસજીએ કર્યો છે. શ્લોકોની રચના અમૃતચંદ્ર આચાર્યદેવે કરી છે અને તેની ટીકા (વિસ્તાર) રાજમલજીએ કરી છે. બધામાં આ વાત ચોખ્ખા શબ્દોમાં લખી છે. રાગ છે તે વીતરાગભાવમાં અહિતનું કારણ છે એમ કહેવું છે. અહીં કાંઈ શુભરાગ છોડીને અશુભરાગમાં જવાની વાત નથી.

ચૈતન્યસાગર ભગવાનઆત્મામાં રાગની ક્રિયા હિતરૂપ કેમ થાય? જ્ઞાનની ક્રિયા કે જે જ્ઞાનમાં એકાગ્ર થાય છે તે આત્માને હિતની કરનારી છે. પોતાનો જ્ઞાનસ્વભાવ છે માટે તેમાં એકાગ્રતા થાય એ મોક્ષનું કારણ છે. તો પ્રશ્ન ઉઠાવ્યો હતો કે વ્રત અહિત કરનાર છે તો કુંદકુંદાચાર્યે મહાવ્રત શું કામ પાળ્યા? ભાઈ! પાળ્યા નથી, આવ્યા તેને જાણ્યા છે. રાગ દુઃખદાયક છે એમ જાણ્યું છે.

અહા! मुकति वितरनी नांहि। ભગવાન! તારો સ્વભાવ તો વીતરાગ ચૈતન્યમૂર્તિ જ્ઞાન છે તેને મુક્તિ થવામાં રાગ બિલકુલ કારણ નથી. રાગની ક્રિયા મુક્તિ આપનારી નથી. આત્માની શાંતિને હણનારી છે. ત્રણકાળમાં સદાય રાગની ક્રિયા મુક્તિનું કારણ થઈ શકતી નથી.

गनी बंध-पद्धति विषै...આગમમાં–ભગવાનની વાણીમાં શુભક્રિયાને બંધ-પદ્ધતિમાં ગણવામાં આવી છે. જુઓ! અહીં તો બધું ખુલ્લું કહી દીધું છે. બધાને બેસે છે કે નહીં! વીતરાગનો મારગ તો આવો છે, તેને દુનિયા સાથે કાંઈ મેળખાય તેવું નથી. જેને લોકો ધર્મ માને છે એવા શુભરાગને આગમમાં બંધની પંકતિમાં ગણવામાં આવ્યો છે, તેને મોક્ષના માર્ગમાં ગણવામાં આવ્યો નથી.

सनी महादुखमांहि। ક્રિયા બંધનું કારણ છે એટલું જ નહીં, ક્રિયા મહાદુઃખમાં લિપ્ત છે. શુભભાવમાં પણ દુઃખ છે. માટે જ તેને બંધપદ્ધતિમાં ગણવામાં આવ્યો છે. શુભરાગ દુઃખથી લિપ્ત છે. અરે! આ શુભરાગ મારા સ્વભાવથી વિરુદ્ધ છે એમ પણ જેને બેસતું નથી તેને અંદરમાં આત્મા આનંદકંદ પ્રભુ છે એ કેમ બેસે?

અશુભભાવ તો દુઃખદાયક છે જ પણ જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ દુઃખદાયક અને દુઃખથી લિપ્ત છે. ભક્તિનો ભાવ પણ દુઃખરૂપ છે. ત્રણલોકનો નાથ કહે છે કે મારી ભક્તિ કે મારા તરફનું લક્ષ છે એ તારો શુભભાવ છે તેને અમે બંધપદ્ધતિ કહીએ છીએ અને તે ભાવ દુઃખથી લિપ્ત છે એમ જાણીએ છીએ. આ

વાત આકરી પડે તેમ છે પણ જે પ્રજ્ઞાબ્રહ્મ છે, ચૈતન્યનો કંદ છે તે શું રાગ કરે એવું તેનું સ્વરૂપ હોય!!

બે વાત કહી કે કરણી એટલે શુભભાવ (૧) અહિતકારી છે અને (૨) મુક્તિ આપનારો નથી. માટે, ત્રિલોકીનાથની વાણીમાં શુભરાગને બંધપદ્ધતિમાં ગણ્યો છે અને મહાદુઃખથી લિપ્ત કહ્યો છે. હવે,

'ક્રિયાની નિંદા'

करनीकी धरनीमैं महा मोह राजा बसै,
　　करनी अग्यान भाव राकिसकी पुरी है।
करनी करम काया पुग्गलकी प्रतिछाया,
　　करनी प्रगट माया मिसरीकी छुरी है।।
करनीकी जालमैं उरझि रह्यौ चिदानंद,
　　करनीकी वोट ग्यानभान दुति दुरी है।
आचारज कहै करनीसौं विवहारी जीव,
　　करनी सदैव निहचै सुरूप बुरी है।।९७।।

અર્થ :—ક્રિયાની ભૂમિ ઉપર મોહ મહારાજાનો નિવાસ છે, ક્રિયા અજ્ઞાનભાવરૂપ રાક્ષસનું નગર છે, ક્રિયા, કર્મ અને શરીર આદિ પુદ્‌ગલોની મૂર્તિ છે, ક્રિયા સાક્ષાત્ માયારૂપ સાકર લપેટેલી છરી છે, ક્રિયાની જંજાળમાં આત્મા ફસાઈ ગયો છે, ક્રિયાની આડ જ્ઞાનસૂર્યના પ્રકાશને છૂપાવી દે છે. શ્રીગુરુ કહે છે કે ક્રિયાથી જીવ કર્મનો કર્તા થાય છે, નિશ્ચયસ્વરૂપથી જુઓ તો ક્રિયા સદૈવ દુઃખદાયક છે.

करनीकी धरनीमैं.... ક્રિયાની ભૂમિ ઉપર મોહમહારાજાનો વાસ છે એટલે કે શુભભાવનો સ્વામી થાય છે તે મોહરાજા છે. શુભભાવ હું કરું, શુભભાવ કરવા જેવો છે એવો અભિપ્રાય છે તે મોહ–મિથ્યાત્વ છે. પહેલાં શ્રદ્ધામાં તો આ વાત લે કે શુભભાવ આત્માનો સ્વભાવ નથી, શુભરાગ તો અજ્ઞાનભાવ છે, જડભાવ છે, તેમાં આત્મા નથી, શુભરાગ તો વિકાર છે.

બાપુ! અનંત જન્મ-મરણમાં અનંતવાર શુભરાગ કરતો આવ્યો છો. એક એક અવતારમાં તે કેટલા દુઃખ સહ્યા એની તને ખબર નથી. શુભભાવ પોતે પણ દુઃખ

છે, કષાયભાવ છે, તેમાં આકુળતા છે, શાંતિ નથી, અગ્નિની ભઠ્ઠી છે. શાંતસ્વભાવી ભગવાનઆત્મા પાસે અશુભભાવ તો ભઠ્ઠી છે જ પણ શુભભાવ પણ કષાય છે માટે અગ્નિ છે. છઢાળામાં આવે છે ને! રાગ આગ દાહ દહૈ....તો શુભરાગ પણ રાગ છે માટે અગ્નિ છે અને પ્રભુ તો શાંતિના ઝરણા ઝરે એવો છે. મહામોહ એટલે મિથ્યાત્વ. શુભભાવનો કર્તા થવું એ પણ મહામોહ છે. ભક્તિ આવે એ જુદી વાત છે પણ ભક્તિના રાગમાં તન્મય થઈ જાય છે તે સ્વભાવનો અનાદર કરે છે. "તો પછી ભક્તિ ન કરવી ને?"—ભક્તિ આવે છે તેને દુ:ખનું ઘર છે એમ જાણવું.

આ તો કોઈ ઘરની વાત નથી, વીતરાગના ઘરની વાત છે. અમૃતચંદ્ર આચાર્યદેવે કળશ લખ્યા છે, તેના ઉપર રાજમલજીએ ટીકા લખી છે, તેના ઉપરથી બનારસીદાસે આ પદ્ય લખ્યા છે. તેમાં કહે છે કે શાંતિની ભૂમિમાં આત્મા વસે છે અને મિથ્યાત્વની દુ:ખમય ભૂમિમાં મોહરાજા વસે છે.

ભક્તિ પણ રાગ છે. ભક્તિમાં પણ લક્ષ ભગવાન ઉપર એટલે પર ઉપર છે. ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય તેના ઉપર લક્ષ જાય એ પણ શુભરાગ છે, તે દુ:ખનું કારણ છે. પણ જગતને એમ થાય કે 'અમે ક્યાં શેઠની કે બાયડીની ભક્તિ કરીએ છીએ! અમે તો ભગવાનની ભક્તિ કરીએ છીએ.' ભાઈ! એ પણ રાગ છે અને રાગ મારું કર્તવ્ય છે, મારી ફરજ છે એમ માનવું એ મિથ્યાત્વ છે. એ પણ થવાના કાળે થાય છે તેને કરે કોણ?

પ્રભુ તો ચૈતન્યમૂર્તિ છે તેને આંખ તો ચૈતન્ય છે, રાગ કાંઈ તેની આંખ નથી. પણ અનાદિથી એને આ શલ્ય પડ્યું છે. બંધભાવ ને એણે ધર્મભાવ અને ધર્મનું કારણ માન્યું છે એ મહામિથ્યાત્વનું શલ્ય છે અને એ મિથ્યાત્વશલ્યમાં કષાયખાના માંડવા કરતાં અનંતગણું પાપ છે, એની એને ખબર નથી.

करनी अग्यानभाव राकिसकी पुरी है। કરણી એ રાક્ષસનું નગર છે. એ રાક્ષસ તને ખાઈ જશે. પુણ્યભાવમાં જ્ઞાનનો અંશ નથી માટે એ રાગ પણ અચેતન છે–જડ છે. જડ એટલે સ્પર્શ, રસ, ગંધવાળા રજકણ જેવો રાગ નથી પણ રાગમાં ચેતનપણું નથી માટે તે અચેતન-જડ છે, અજ્ઞાન છે. તે અજ્ઞાન જ રાક્ષસનું નગર છે. તેમાં આત્માની શાંતિ ખવાઈ જાય છે.

આવી વાત સાંભળવા પણ ન મળે તે સમજે ક્યારે અને ક્યારે શ્રદ્ધા કરે!

સૂર્યનું કિરણ તો સફેદ હોય, કાંઈ કોલસા જેવું કાળું ન હોય. પણ રાગ તો કોલસા જેવો કાળો છે તે કાંઈ ચૈતન્યનું કિરણ નથી, ચૈતન્યનું કિરણ તો જ્ઞાન છે. રાગ તો ચૈતન્યની જાતથી ઉલટી દશા છે. માટે, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અપરાધ છે. અપરાધમાં આત્માની શાંતિ ખવાઈ જાય છે.

વીતરાગ સિવાય આવું કોણ કહી શકે? વીતરાગમાર્ગના સંતો અને વીતરાગને માનનારા સમકિતી આ વાત કહી શકે, બીજા તો ડરે છે.

પાપભાવ છોડવા જેવા છે એવું તો સાધારણ પ્રાણી પણ કહે, પણ ધર્મી તો એમ કહે છે કે ભાઈ! તારો સ્વભાવ તો જ્ઞાન છે. માટે, જ્ઞાનની દશા થવી તે તારો ધર્મ છે, રાગની દશા થવી તે ધરમ નથી. અધર્મ–અજ્ઞાનનું નગર છે. તેમાં મોહરાજા વસે છે, તે રાક્ષસ છે, તે તને ખાઈ જશે.

करनी करम काया.... શુભભાવની ક્રિયા એ કર્મની કાયા છે, આત્માની કાયા નથી. આવી સ્પષ્ટ વાત છે છતાં લોકો વિરોધ કરે છે. તેમાં પોતાનો આત્માનો વિરોધ થાય છે.

ભાઈ! તારી જાત તો જ્ઞાન અને આનંદની છે અને રાગ તો કજાત છે. શુભરાગથી લાભ થાય એવા ઉપદેશમાં લાખો માણસો ભેગા થાય કેમ કે એ વાત જ બધાંને ગોઠે છે. અનાદિથી જે વાત માનતો આવ્યો છે એ જ વાત ગુરુ કરે છે તો એ ગુરુ અને શ્રોતા બધાં સરખા છે.

દ્રવ્યક્રિયારુચિ જીવડા, ભાવધર્મરુચિહીન,
ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન?

આવો વીતરાગમારગ હજુ શ્રદ્ધામાં પણ બેસે નહીં એને અનુભવની શ્રદ્ધા તો ક્યાંથી આવે? અનુભવ સહિત શ્રદ્ધા આવે તે જ યથાર્થ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ જં છે, રાગની ક્રિયા વિનાનો છે—એવું અંતરજ્ઞાન થયા વિના એની પ્રતીતિ સાચી ન થાય. હા....હા... કરે પણ અંતરમાં વાત બેસે નહીં.

રાગ અને કર્મ એ કર્મનું સ્વરૂપ છે, ચૈતન્યનું સ્વરૂપ નથી, પુદ્ગલની મૂર્તિ છે. ચૈતન્યની મૂર્તિ નથી માટે પુદ્ગલની પ્રતિછાયા-મૂર્તિ છે. આ નાટકસમયસાર લખાયું ત્યારે તો ઘરે ઘરે નાટકની–સમયસારની કથા થતી હતી અને હવે અત્યારે તો લોકો

અધ્યાત્મની આ વાતથી રાડ પાડે છે. પેલાં આવું ન વંચાય, પહેલાં તો કથાનુયોગ વંચાય એમ કહે છે. અરે બાપુ! સાંભળને! મનુષ્યભવનો કાળ બહુ થોડો છે, એમાં આ ન વંચાય એમ કહેશો તો મહાન કામ કરવાનું છે તે કેમ કરશો? આંખ બંધ થઈ જતા વાર નથી.

**करनी प्रगट माया मिसरीकी छुरी है।** રાગ મંદ હોય તોપણ એ સાકર લગાડેલી છરી છે. માયા સાક્ષાત્ છરી છે. તે પણ કેવી?–કે 'શુભરાગ સારો છે' એવા ભાવરૂપ 'સાકર'થી લપેટેલી છે તે છરી એટલે વિકાર–વિભાવ તને મારી નાંખે છે. ભક્તિની ધૂન લગાવો તો તમને નિર્જરા થઈ જશે એમ ગુરુ કહે, તેની વાતમાં આવી જાય તેને આત્મા મળતો નથી, ચાલ્યો જાય છે.

સર્વજ્ઞ પરમેશ્વરનો મારગ એટલે કે સત્ય મારગ સાંભળવા મળવો પણ કઠણ થઈ પડ્યો છે. વ્યવહાર દુઃખદાયક છે માટે તેને હેય કરવાયોગ્ય છે. ગ્રંથકાર જ કહે છે, રાગરૂપ સંસારભાવ પણ સાકર લગાડેલી છરી છે માટે તેની મીઠાશ લેવા જઈશ તો મરી જઈશ. માયા તારી શાંતિને રેંશી નાખનાર છે.

**करनीके जालमैं उरझि रह्यो चिदानंद।** ક્રિયાની જાળમાં ઉલ્લસી રહેલો ચિદાનંદ પૂજા કરું, પછી માળા ગણું, પછી શાસ્ત્ર વાચું, ભક્તિ કરું....આ કરું, આમ કરું એવી કરણીની જાળમાં ફસાઈ ગયો છે. **करनीकी वोट ग्यानभान दुति दुरि है।** કરણીની આડમાં આખો જ્ઞાન સૂર્ય ઢંકાઈ રહ્યો છે પોતાને પોતાનો જ્ઞાનપ્રકાશ દેખાતો નથી.

*(ક્રમશઃ)*

---

જ્ઞાન-આનંદ આદિ અનંત વૈભવથી ભરપૂર હું જ્ઞાયકતત્ત્વ છું—એમ અંદરથી ભેદજ્ઞાન કરે, વ્યવહારના જે વિકલ્પો આવે તેનાથી પોતાને જુદો જાણે, ઘઉં અને કાંકરા જુદા પાડે એમ ભગવાનઆત્માને રાગથી જુદો પાડે તો તેના બળથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે, વિકલ્પો છૂટે છે ને નિર્વિકલ્પતા થાય છે. શુભાશુભ રાગની વૃત્તિઓ ઊઠે તે હું નથી, હું તો અનંત જ્ઞાનાનંદસ્વરૂપ જ્ઞાયકપરમાત્મા છું—એવું ભેદજ્ઞાન કરે તો વિકલ્પ છૂટે અને અતીન્દ્રિય આત્માનંદ પ્રાપ્ત થાય.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

### વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## વીર્ય શક્તિ

(ગતાંકથી ચાલું)

(स्वरूपनिर्वर्तनसामर्थ्यरूपा वीर्यशक्तिः।)

અનાદિકાળથી સંસારમાં રખડતો આત્મા પોતાની અનંત શક્તિના નિજવૈભવ ઉપર લક્ષ કરતો નથી. જો નિજવૈભવને લક્ષમાં લ્યે તો પરાધીનબુદ્ધિ મટે ને સ્વાશ્રય-પરિણમનથી નિર્મલપર્યાયરૂપ સંવર-નિર્જરા-મોક્ષ પ્રગટે ને આસ્રવ-બંધરૂપ સંસારપરિભ્રમણ મટે. આથી, આત્માની શક્તિઓનું વર્ણન કરીને અચિન્ત્ય નિજવૈભવ આચાર્યદેવે દેખાડ્યો છે. જેણે આત્મશાંતિ પ્રગટ કરવી હોય તેણે જેમાં શાંતિ ને આનંદ ભરેલો છે એવા આત્માનું સ્વરૂપ જાણવું જોઈએ. દુઃખ કે અશાંતિનું કારણ દ્રવ્યસ્વભાવમાં નથી, એ તો અદ્ધરથી પરલક્ષે ઊભું કરેલું છે ને સ્વદ્રવ્યનું લક્ષ કરતાં તેનો નાશ થઈને સુખ અને શાન્તિનું વેદન પ્રગટે છે.

જેમાં જે ભર્યું હોય તેમાંથી તે આવે; શક્તિમાં જે હોય તે પર્યાયમાં આવે. આત્માની શક્તિમાં તો સુખ ભર્યું છે, તેમાં દુઃખ નથી ભર્યું એટલે તેના લક્ષે તો સુખ થાય છે ને દુઃખ ટળે છે. સ્વસન્મુખ થઈને પોતે પોતામાં આનંદ અને જ્ઞાનપણે જીવવું તે જીવનું સાચું જીવત્વ છે. આત્માના અંતરલક્ષે સાચું જીવત્વ છે. આત્માના અંતરલક્ષે સાચું જીવન પ્રગટે છે.-પહેલી જીવત્વશક્તિમાં એનું વિવેચન કર્યું.

આત્મામાં ચેતનાસ્વભાવ છે; તે ચેતનસ્વભાવના આશ્રયે ચૈતન્યભાવ પ્રગટે છે ને તેનાથી વિરુદ્ધ એવા પરભાવો ટળે છે.-એનું વર્ણન બીજી ચિતિશક્તિમાં કર્યું.

સ્વને દેખવાનો અભાવ ને એકલા પરને દેખવાનો ભાવ તે સંસાર છે; સ્વસન્મુખ થઈને દશીશક્તિથી ભરેલા આત્માને દેખતા સંસાર ટળે છે.—એ વાત ત્રીજી દશીશક્તિમાં બતાવી.

જ્ઞાન પરસન્મુખ જ રહીને એકલા પરને જાણવામાં રોકાતું તે મિથ્યાજ્ઞાન સંસારનું કારણ હતું. ઉપયોગને અંતરમાં વાળીને સ્વસંવેદનથી સ્વને જાણતાં સમ્યગ્જ્ઞાન થયું તે મોક્ષનું કારણ છે.—એ વાત ચોથી જ્ઞાનશક્તિમાં બતાવી.

એવા જ્ઞાનની સાથે આનંદ પણ પ્રગટે છે.—એ વાત પાંચમી સુખશક્તિમાં બતાવી. આનંદનો સમુદ્ર આત્મા પોતે તેને ધ્યેય કરતાં પર્યાયમાં આનંદ પ્રગટે છે.

એ રીતે પાંચશક્તિનું નિર્મળ કાર્ય બતાવ્યું; આ છઠ્ઠી વીર્યશક્તિના કાર્યનું વર્ણન ચાલે છે. આત્મામાં તો અનંતી શક્તિઓ પોતપોતાના નિર્મળ કાર્યપણે એકસાથે પરિણમી રહી છે પણ વાણીમાં એ બધાનું કથન આવી ન શકે, વાણીમાં તો અમુક જ શક્તિઓનું વર્ણન ક્રમેક્રમે આવી શકે. છતાં થોડા વર્ણનમાં આચાર્યભગવાને ઘણા ગંભીરભાવો ભરી દીધા છે.

આત્મામાં એવી તાકાત છે કે પોતે જ પોતાના સામર્થ્યથી, પોતાના સ્વતંત્ર છ કારકોથી, બીજાની મદદ વગર પોતાના અનંત ગુણોની નિર્મળ પર્યાયો રચે છે. પર્યાય ક્રમબદ્ધ થાય છે અને છતાં તેમાં વીર્યશક્તિ પણ ભેગી કાર્ય કરે છે. જેમ જ્ઞાન વગર આત્માની એક્કેય પર્યાય હોતી નથી, તેમ વીર્યશક્તિ વગર પણ આત્માની એક્કેય પર્યાય હોતી નથી. જ્ઞાન, આનંદ, શ્રદ્ધા વગેરેની જેમ વીર્યશક્તિનું પરિણમન પણ ભેગું જ છે. વીર્યશક્તિ કોની?–કે આત્મદ્રવ્યની. એવા અનંતગુણોથી એકાકાર આત્મદ્રવ્યને દૃષ્ટિમાં લેતાં અનંત ગુણોનું નિર્મળ પરિણમન પ્રગટે છે. તે નિર્મળ પર્યાયોને આત્મા પોતાની સ્વાધીન તાકાતથી જ રચે છે.

'બળ'નામની વનસ્પતિનો એક વેલો થાય છે કે જે ખાવાથી બળ વધે. એ તો બહારની વાત; અહીં આત્માની અંદરમાં વીર્યશક્તિરૂપ બળનું એવું ઝાડ છે કે જેના સેવનથી કેવળજ્ઞાનની રચના કરવાનું બળ મળે.

આકાશક્ષેત્રના અસ્તિત્વનો ક્યાંય અંત નથી, તે તેનું ક્ષેત્રવીર્ય છે. અચેતનમાં આવી અમર્યાદિત તાકાત છે તો ચેતનના સામર્થ્યની શી વાત? જેનો ક્યાંય પાર નથી એવું અનંત આકાશ તેને પણ જ્ઞાન પોતાની દિવ્ય તાકાતથી જાણી લ્યે છે, આ જ્ઞાનની તાકાત તે જ્ઞાનવીર્ય. એ રીતે શ્રદ્ધાવીર્ય, આનંદવીર્ય એમ અનંતગુણનો રસ વીર્યશક્તિમાં સમાય છે. આત્મામાં એવી શક્તિ છે કે સર્વગુણોની શુદ્ધ અવસ્થાને નીપજાવે. રાગાદિ ઉદયભાવને રચે તે કાંઈ આત્મશક્તિનું સાચું કાર્ય નથી; જો કે તેમાં પણ જીવનું જ

ઊંધું વીર્ય છે, પણ શુદ્ધદૃષ્ટિમાં તે જીવનું કાર્ય નથી. આત્માની વીર્યશક્તિનું સાચું કાર્ય તો શ્રદ્ધા-જ્ઞાન-આનંદની રચના કરવી તે છે. આવું કાર્ય પ્રગટ કરીને પરિણમે ત્યારે જ વીર્યશક્તિવાળા આત્માને જાણ્યો કહેવાય. 'કાર્ય' થયા વગર 'કારણ'નું જ્ઞાન સાચું ન કહેવાય એટલે નિર્મળપર્યાય પ્રગટ્યા વગર ગુણની સાચી ઓળખ થાય નહિ. કારણનું સાચું જ્ઞાન થતાં તેને અનુસરીને નિર્મળ કાર્ય જરૂર પ્રગટે. વિકારનો નાશ કરે ને નિર્મળતાને રચે તે વીર્યગુણનું કાર્ય છે.

ક્રમબદ્ધ પર્યાય છે માટે વીર્યશક્તિ અકાર્યકારી છે–એમ નથી ક્રમબદ્ધપર્યાયમાં વીર્યશક્તિ પણ ભેગી પોતાનું કાર્ય કરે જ છે. જુઓ, આત્મા એકલી ક્રમ પર્યાયવાળો જ નથી, સાથે અક્રમરૂપ અનંત ગુણો પણ છે; આવા ક્રમ–અક્રમ સ્વભાવના પિંડરૂપ આત્માને દૃષ્ટિમાં લેતાં પર્યાયનું ક્રમવર્તીપણું ને ગુણોનું અક્રમવર્તીપણું યથાર્થ જણાય છે. એના વગર કોઈ ગુણની કે પર્યાયની વાત યથાર્થ હોય નહિ. પરભાવનું અકર્તાપણું હોવાં છતાં આત્મા સ્વવીર્યવડે પોતાના સ્વરૂપની રચના પણ કરે છે.

સ્વકાળે મોક્ષ થાય અને છતાં તેમાં વીર્યગુણ પણ કાર્યકારી છે એવો મેળ છે કેમ કે મોક્ષનો સ્વકાળ કાંઈ વીર્યગુણની નિર્મળપર્યાય વગરનો નથી. મોક્ષના સ્વકાળમાં અનંત ગુણોની નિર્મળપર્યાયો ભેગી જ કામ કરે છે ને તે બધા ગુણોની નિર્મળપર્યાયો ભેગી થઈને મોક્ષને સાધે છે. એટલે અનંત ગુણસંપન્ન એવા શુદ્ધસ્વભાવને દૃષ્ટિમાં લીધા વગર મોક્ષનો 'સ્વકાળ' વગેરેનો સાચો નિર્ણય થતો નથી. શાસ્ત્રોમાં સ્વકાળનું વર્ણન હોય કે વીર્યગુણના કાર્યનું વર્ણન હોય, તેમાં ક્યાંય એકબીજાથી વિરુદ્ધતા નથી.

એક સમયમાં અનંત ગુણો ને તેની અનંત પર્યાયો–એ બધું એક આત્મદ્રવ્યમાં સમાય છે; ને આવા દ્રવ્યસન્મુખ દૃષ્ટિ કરતાં મોક્ષ તરફ પરિણમન શરૂ થાય છે. અહો, સર્વજ્ઞની સર્વજ્ઞતાના સામર્થ્યને જે ઓળખતો નથી તે ક્રમબદ્ધપર્યાયને પણ સમજી શકતો નથી. સર્વજ્ઞસ્વભાવની જેને ઓળખાણ નથી તેને તત્ત્વમાં બધે ઠેકાણે વાંધા જ ઊઠે છે કેમકે ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે, તેથી મૂળમાં જ એને વાંધા છે. એને આત્મવીર્યનું સાચું કાર્ય પ્રગટે નહિ.

અહો! આ અનંત શક્તિથી પ્રકાશમાન આત્મા જિનવાણીએ પ્રસિદ્ધ કર્યો છે પણ જેમ આંખ મીંચીને, ગોદડાં ઓઢીને, બારણાં બંધ કરીને સૂતેલા માણસને સૂરજનો પ્રકાશ દેખાતો નથી, તેમ અહીં અનંત શક્તિનાં નિર્મળ કિરણોથી ઝગઝગતો ચૈતન્યસૂર્ય

ઊગ્યો છે પણ જેની દૃષ્ટિ બંધ છે, જેણે મિથ્યાત્વરૂપી ગોદડાં ઓઢ્યાં છે ને સત્‌શ્રવણનાં બારણાં પણ જેને બંધ કર્યા છે તેને આ ચૈતન્યસૂર્યનો પ્રકાશ દેખાતો નથી. સંતો તેને વારંવાર જગાડે છે કે અરે જીવ! તું જાગ..... જાગ! ઊંધી માન્યતાના ગોદડાં દૂર કરીને તારી દૃષ્ટિ ખોલ, તારા અંતરમાં અનંત શક્તિથી પ્રકાશમાન ચૈતન્યસૂર્ય દીપી રહ્યો છે, તેને દેખ. જેમ સૂર્ય પાસે અંધારા ન હોય તેમ આ ચૈતન્યપ્રકાશમાં રાગાદિ વિકાર નથી.

રાગની રચના એ ચૈતન્યવીર્યનું કાર્ય નથી, વિકારને રચે તે આત્માની વીર્યશક્તિનું કાર્ય નહિ. આત્માની વીર્યશક્તિ નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપીને શુદ્ધપર્યાયની રચના કરે છે. અનંત ગુણની નિર્મળપર્યાયની રચના તે વીર્યશક્તિનું કાર્ય છે, ને વિકારની રચના તે વીર્યશક્તિનું કાર્ય નથી એટલે કે વ્યવહારવીર્ય તે આત્માનું ખરું વીર્ય નથી, નિશ્ચયવીર્ય તે જ આત્માનું ખરું વીર્ય છે; વ્યવહાર આત્મા તે ખરો આત્મા નહિ, નિશ્ચયઆત્મા (શુદ્ધ આત્મા) તે જ ખરો આત્મા. જુઓ આ ભેદજ્ઞાન! જેટલું વીર્ય વિકારમાં રોકાય તે આત્મા નહિ નિર્મળ પરિણમનની રચના કરે તે જ આત્મા છે અને તે નિર્મળ પરિણમનરૂપ નિશ્ચયમાં વ્યવવહારનો (વિકારનો) અભાવ છે.

ભાઈ! આ વાત સૂક્ષ્મ અને અપૂર્વ તો છે! પણ તારા સ્વરૂપની જ વાત છે, ને તે સમજવાની તારામાં તાકાત છે. અરે! આત્મા તો કેવળજ્ઞાન પ્રગટ કરે એવી તાકાતવાળો છે, તેમાં આટલું સમજવું તે તો અલ્પ છે, તો ન કેમ સમજાય? આત્મામાં કેવળજ્ઞાન લ્યે એવું વીર્ય છે. રાગને કરે એવા વીર્યને વ્યવહાર આત્મા ગણ્યો છે, તે ખરો આત્મા-નિશ્ચય આત્મા નથી; નિશ્ચય આત્મામાં તેનો અભાવ છે. આવો અનેકાન્ત સ્વયં પ્રકાશે છે.

વીર્યગુણ પોતે કર્તા થઈને અનંત ગુણોની નિર્મળ પર્યાયને રચે છે, પણ કાંઈ રાગ કર્તા થઈને કોઈ ગુણની નિર્મળ પર્યાયને રચતો નથી.

ભગવાન! તારી શક્તિ અપાર છે. તારી એકેક શક્તિ અનંત ભાવથી ભરેલી છે. આવા સ્વભાવવાળા આત્માને જે જાણે તેને વિકારમાં કતૃત્વબુદ્ધિ રહે નહિ. નિર્મળ પર્યાય પ્રગટી તે આત્મશક્તિનું કાર્ય છે ને રાગનો તેમાં અભાવ છે. શક્તિમાં તો રાગ નથી ને તેની નિર્મળ પર્યાયમાં પણ રાગનો અભાવ છે. આ રીતે, જેવી શક્તિ તેવી વ્યક્તિ થઈ ત્યારે શક્તિની ખરી ઓળખાણ થઈ. એના વગર શક્તિની સાચી ઓળખાણ થાય નહિ.

જુઓ, આત્મામાં સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન, આનંદ કે સિદ્ધપદ એવી નિર્મળ પર્યાયોને કોણ રચે? તેની આ વાત છે. આત્મા પોતે સ્વતંત્રપણે સ્વવીર્યથી પોતાની તે પર્યાયોને રચે છે.

ઈશ્વર તેને રચે નહિ,

પરદ્રવ્ય તેને રચે નહિ,

રાગવડે પણ તે રચાય નહિ,

આત્મા પોતે સ્વશક્તિથી કર્તા થઈને પોતાના સમ્યગ્દર્શનાદિરૂપ નિર્મળ કાર્યને કરે છે. આત્મા પોતે સ્વતંત્રપણે કર્તા છે, કર્મરૂપ પોતાની પર્યાય તે રૂપે પોતે જ સ્વતંત્રપણે થાય છે. સાધન પણ પોતે જ પોતાની સ્વશક્તિથી થાય છે, પોતામાંથી તે પર્યાય લઈને પોતામાં જ રાખે છે તેથી સંપ્રદાન અને અપાદાન પણ પોતે જ છે ને તેનો આધાર (અધિકરણ) પણ પોતે જ છે. બીજા કોઈ સાથે તેનો સંબંધ નથી. રાગાદિ તેનો આધાર નથી, રાગાદિ તેનું સાધન નથી. પોતાની પર્યાયને રચનારો પોતે જ અનંત શક્તિમાન 'ઈશ્વર' છે.

અહો! કેટલી સ્વતંત્રતા! ભાઈ! તારું નિર્મળ કાર્ય કરવામાં (સમ્યગ્દર્શન વગેરેમાં) તારે જરાય પરાધીનતા નથી, તારી સ્વશક્તિને સંભાળ એટલી જ વાર છે.

અહો! આત્મશક્તિની શી વાત! એક ક્ષણમાં કેવળજ્ઞાન લ્યે એવી અપાર તાકાત એનામાં ભરી છે. ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે પ્રભો! આપના કેવળજ્ઞાનમાં જે વીતરાગી અતીન્દ્રિય શાંતિ ભરી છે એની તો શી વાત! એ કેવળજ્ઞાનની સાથે રહેલો જે દેહ, તેમાં પણ કોઈ અલૌકિક શાંતિ ભરી છે. આપના શરીરના પરમાણુ પણ જુદી જાતના છે. આપનો આત્મા ઉત્કૃષ્ટ શાંતિરૂપે પરિણમી ગયો ને જગતમાં શાંતરસવાળા જેટલા ઉત્કૃષ્ટ પરમાણુઓ હતા તે આપના શાંત દેહરૂપે પરિણમી ગયા; કોઈ પરમાણુ શાંતરસવાળા જગતમાં બાકી ન રહ્યા, આવો જ કોઈ કુદરતનો મેળ છે.

જ્યાં શીતળતાની છેલ્લી હદની પર્યાય આત્મામાં પ્રગટી ત્યાં દ્રહમાં પણ શીતળતા–શાંતરસની છેલ્લી હદે પરિણમેલા પરમાણુઓ આવ્યા. આત્મામાં શાંતરસની જેટલી શક્તિ હતી તે બધી આપે પ્રગટ કરી તો પરમાણુમાં પણ જેટલી હતી તે બધી શાંતરસની પર્યાય પ્રગટી. જુઓ તો ખરા! ભગવાનના આત્મામાં ક્રોધ શાંત થઈ ગયો

ત્યાં પરમાણુમાં પણ શાંતિની રચના થઈ ગઈ. ક્રોધથી લાલ મોઢું થાય કે ભ્રૂકુટી ચઢે એવું આપને રહ્યું નહિ. આપનો આત્મા શાંત ને દેહ પણ શાંત. દેહના પરમાણુને કાંઈ ખબર નથી કે આ ભગવાન શાંતરસરૂપે પરિણમ્યા માટે અમે પણ શાંતરૂપે પરિણમીએ, પણ એવો જ મેળ છે. આત્માની શક્તિ પુરી ખીલી ગઈ ત્યાં દેહના એકેક પરમાણુમાં તે પ્રકારનું પુરું સામર્થ્ય પ્રણમ્યું છે. અજ્ઞાનીને આશ્ચર્ય થાય છે કે અરે! આવું કેમ હોય? જ્ઞાનીને તો વસ્તુનો મહિમા જાણીને આશ્ચર્ય થાય છે કે વાહ! આત્માનો કોઈ અચિન્ત્ય સ્વભાવ છે.

આત્માના કેવળજ્ઞાનાદિના સામર્થ્યની તો શી વાત પણ તીર્થંકરના શરીરમાંય એવું સામર્થ્ય છે કે લાખ યોજનાના આ જંબુદ્વિપની વચ્ચે જે લાખયોજન ઊંચો મેરુપર્વત છે, તે મેરુને છત્રીના દાંડલાની જેમ ઉપાડીને આખા જંબૂદ્વીપને રમતમાત્રમાં છત્રીની જેમ ઊલટો કરી નાંખે. આવી તો જેના દેહની તાકાત, એના આત્મબળની શી વાત! અહીં કહે છે કે દેહનું આવું બળ તે આત્મા નહિ, આત્માનું બળ તો પોતાની નિર્મળપર્યાયોને રચનારું છે. પરમાણુ એક સમયમાં ચૌદ રાજલોક (અસંખ્યાતા યોજન) ઊંચો ચાલ્યો જાય એવું તે જડની ગતિ શક્તિનું વીર્ય છે ને એક સમયમાં અનંતકાળને તથા અનંતક્ષેત્રને જાણી લ્યે એવું આત્માની જ્ઞાનશક્તિનું વીર્ય છે. વસ્તુનો અનેકાન્તસ્વભાવ કોઈ અદ્ભુત છે ને તેમાંય આત્માનો સ્વભાવ તો અલૌકિક અદ્ભુત અચિંત્ય આહ્લાદકારી છે કે જેને જાણતાં જાણનારને પરમ આનંદ થાય છે. એક આત્મામાં અનંતગુણ ને એક પરમાણુમાંય અનંતગુણ. અનંતગુણ હોવા છતાં વસ્તુસ્વભાવ એવો સૂક્ષ્મ છે કે આંખ વગેરે ઈન્દ્રિયોથી દેખાય નહિ અંતર્મુખી અતીન્દ્રિય જ્ઞાનવડે જ જણાય એવો વસ્તુસ્વભાવ છે.

આત્મા અનંતશક્તિનો સ્વામી પરમેશ્વર છે. પરમેશ્વર કદી પાંગળો હોય નહિ. જેમ તીર્થંકર, ચક્રવર્તી કે ઈન્દ્ર જેવા પુણ્યવંતોના પગ કદી ભાંગે નહિ ને તે કદી પાંગળા થાય નહિ, તેમ આ ચૈતન્યપ્રભુ તે કદી એવો પાંગળો નથી કે પોતાના કાર્યને માટે તેને બીજાની ઓશીયાળ લેવી પડે. સ્વશક્તિની પ્રભુતાથી આત્મા પોતે પોતાના કાર્યને કરે છે, તેમાં રાગની કે પરની કોઈ ઓશીયાળા નથી.

અહો! પોતાના સ્વભાવની પ્રભુતાની આ વાતમાં જિજ્ઞાસુને કેટલો રસ આવે! જેમ સગી માતા હોય ને એકનો એક વહાલો દીકરો દૂરદેશથી આવે ત્યાં માતાને એવું

હેત અંતરમાં ઊભરાય કે દૂધ ઝરે. શાસ્ત્રમાં રુકિમણી અને પ્રદ્યુમ્નકુમારની વાત આવે છે. પ્રદ્યુમ્નકુમારને નાનપણથી જ એક વિદ્યાધર હરી ગયો છે, તેના વિરહમાં રુકિમણીને ચેન પડતું નથી. નારદ સીમંધર ભગવાન પાસે જઈને તેનો પત્તો મેળવે છે કે ૧૬ વર્ષે તે પાછો આવશે. અંતે સોળ વર્ષે જ્યારે પ્રદ્યુમ્નકુમાર આવે છે ત્યારે સરોવરમાં કમળ ખીલી જાય છે, મોરલા નાચવા માંડે છે, અનેક શુભ ચિહ્નો ખીલે છે ને રુકિમણીને પુત્રપ્રેમથી દૂધની ધારા છૂટે છે. તેમ, અહીં સંતો આત્મશક્તિનું ભાન કરાવીને જ્ઞાન-આનંદની નિર્મળ પર્યાયરૂપી પુત્રનો ભેટો કરાવે છે, ત્યાં જિજ્ઞાસુના અંતરમાં સ્વભાવના પ્રેમને લીધે આનંદની ધારા ફૂટે છે. અહો! આવા સ્વભાવની વાત સાંભળતાં કોના અંતરમાં આનંદરસના અંકૂરા ન ફૂટે! ભગવાન અને સંતો કહે છે કે અમે તને તારું પરમેશ્વરપણું બતાવીએ છીએ, તારા પરમેશ્વરનો તને ભેટો કરાવીએ છીએ કે જેને ભેટતાં તારા અંતરમાં અનેક પવિત્ર ચિહ્નો (રુચિ–વૈરાગ્ય વગેરે) પ્રગટશે ને તેના ઉલ્લાસથી દૂધ જેવી નિર્મળતાના ઝરણાં ફૂટશે. અહો ! પોતાની સ્વસત્તામાં જ્યાં ભગવાનના ભેટા થયા, પરમાત્માના સાક્ષાત્કાર થયા, ત્યાં પામરતા રહે નહિ.

(ક્રમશઃ)

---

ભગવાન પૂરણ શુદ્ધ નિર્મળાનંદ છે અને એ સિવાયના દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ ને દેહની ક્રિયા તેને પોતાની માનનારો, તેને ભિન્ન નહીં માની શકનારો આત્મા બહિરાત્મા છે. રાગાદિના પરિણામ જે આસ્રવતત્ત્વ છે તે બહિરતત્ત્વ છે, તેને આત્માના હિતરૂપ માનનારો બહિરાત્મા છે. કર્મજન્ય ઉપાધિના સંસર્ગમાં આવીને ક્યાંય પણ ઉલ્લસિત વીર્યથી હોંશ કરવી એ બહિરાત્મા છે. ભગવાન આત્માનો ઉલ્લસિત વીર્યથી આદર છોડીને બહારના કોઈ પણ ઉપાધિ ભાવ કે કર્મજન્ય સંયોગના સંસર્ગમાં આવતાં તેમાં વીર્ય ઉલ્લસિત થઈ જાય કે "આહાહા! આહાહા!"—એમ પરમાં વિસ્મયતા થઈ જાય તેને બહિરાત્મા કહે છે. અંતરના આનંદથી રાજી ન થયો ને બહારના શુભાશુભભાવ ને એના ફળ કે જે આત્માના સ્વભાવથી બાહ્ય વર્તે છે તેમાં ખુશી થયો, તેમાં આત્માપણું માન્યું એને બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ કહે છે.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

(હિસાબી-અહેવાલ તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૩-૨૦૧૦ તથા નિવેદન)

શ્રી કહાનગુરુ-ભક્ત મુમુક્ષુસમાજ,

સવિનય નિવેદન કે આપણા તારણહાર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)માં અધ્યાત્મધર્મનો લાભ લેવા માટે ઘણા મુમુક્ષુઓ કાયમી વસવાટ કરે છે તથા બહારગામથી અવારનવાર ઘણા મુમુક્ષુઓ પધારે છે. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. દર વર્ષની માફક, આ સાથે તા. ૧-૪-૨૦૦૯ થી ૩૧-૩-૨૦૧૦નાં વર્ષનાં ઓડીટ થયેલ સરવૈયાં, આવક-જાવકના હિસાબો સહિત રજુ કરીએ છીએ, જે ઉપરથી આપને આ ટ્રસ્ટના વહીવટ સંબંધી, આવક-ખર્ચની તથા અન્ય જાણકારી મળી શકશે, અને જેથી આપને સંતોષ થશે એવી આશા રાખીએ છીએ.

(૧) આ વર્ષ દરમ્યાન બધા મહોત્સવો ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યા છે. બહારગામથી યાત્રીઓ અને મુમુક્ષુઓ સારી સંખ્યામાં અવારનવાર આવે છે. દરેકને સારી સગવડ આપવાની કાળજી લેવામાં આવે છે. શ્રી જન્મજયંતી-મહોત્સવનો ખર્ચ જેમના તરફથી જન્મજયંતી ઉજવાય છે તેમના તરફથી આપવામાં આવે છે.

(૨) સરવૈયા મુજબ વરસ આખરે ધ્રુવફંડ **(Corpus)** ખાતે રૂા. ૪,૨૬,૬૫,૦૭૭ છે. આ રકમમાં વર્ષ દરમ્યાન રૂા. ૫૧,૯૬,૧૭૪ વધારો થયેલ છે. આ ધ્રુવફંડનું વ્યાજ વાપરવાનું છે. ધ્રુવફંડ પૂરતી રકમનું રોકાણ રાખવું જોઈએ. તે બાબત કાળજી લેવામાં આવે છે.

(૩) અધ્યાત્મ તીર્થ સોનગઢથી પ્રકાશિત 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી માટે ખર્ચને પહોંચી વળવા માટે યોજના અગાઉ જાહેર કરેલ છે. તે પ્રમાણે આજીવન એક માસનું આત્મધર્મ પ્રકાશન માટે ગુજરાતીનાં રૂા. એક લાખ પચ્ચીસ હજાર નક્કી કરેલ છે. તેમજ આજીવન એક મહિનાનાં આત્મધર્મ હિન્દી પ્રકાશન માટે એક લાખ નક્કી કરેલ છે. સ્પોન્સર તરીકે તે દાતારનું નામ તે મહિનાનાં અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

તેવી જ રીતે એક માસનું આત્મધર્મ ગુજરાતી પ્રકાશન માટે રૂા. દસ હજાર નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ સ્પોન્સર તરીકે તે મહિનાનાં અંકમાં પ્રકાશિત થશે. એક માસનું હિન્દી આત્મધર્મ પ્રકાશિત કરવાનાં રૂા. સાત હજાર પાંચસો નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ અંકમાં સ્પોન્સર તરીકે દાતારનું નામ પ્રકાશિત કરવામાં આવશે. આ યોજનાને ઠીક પ્રતિસાદ મળેલ છે.

(૪) જિનવાણી પ્રકાશનમાં સ્થાયી પુરસ્કર્તા યોજના અંતર્ગત ગુજરાતી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા લગભગ પૂરા થવાની તૈયારીમાં છે. હિન્દી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા બાકી રહે છે. આ યોજનાને દાતાર તરફથી સારો પ્રતિસાદ સાંપડેલ છે.

ઉપરોક્ત હિસાબો જોવાની જેમને ઇચ્છા હોય તેઓએ સેક્રેટરીને લેખિત જાણ કરવાથી સંમતિ આપે તે દિવસે આપ જોઈ શકશો.

ટ્રસ્ટીઓ,

તા. ૯-૨-૨૦૧૧

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ

## તા. ૩૧-૩-૨૦૧૦નાં પુરા થતાં વર્ષનું આવક–જાવક પત્રક

| આવક | ૩૧-૩-૨૦૦૯ | ૩૧-૩-૨૦૧૦ | જાવક | ૩૧-૩-૨૦૦૯ | ૩૧-૩-૨૦૧૦ |
|---|---|---|---|---|---|
| ભાડા...... | ૨૭,૨૭૬ | ૨૫,૮૦૦ | મિલ્કત મરામત | ૨,૦૨,૨૯૦ | ૨,૫૫,૩૫૪ |
| વ્યાજ | ૮,૦૩,૩૬૬ | ૧૪,૨૯,૪૫૩ | વીમા પ્રીમીયમ | ૯,૮૭૧ | ૯,૫૫૫ |
| ડીવીડન્ડ વ્યાજ | ૩૨,૯૮,૫૨૭ | ૩૦,૫૫,૯૫૩ | વહીવટી ખર્ચ | ૪૦,૭૧૩ | ૪૯,૫૭૬ |
| દાન ખાતે | ૨૨,૪૭,૮૬૨ | ૨૨,૫૯,૫૬૭ | ઓડીટ ખર્ચ | ૧૭,૪૧૬ | ૫૪,૧૭૨ |
| ગુપ્ત ભંડાર | ૮,૬૨,૩૮૩ | ૮,૯૯,૧૫૨ | ચેરીટી કમી. ફાળો | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| અન્ય આવક | ૪,૫૩,૬૮૫ | ૮,૬૬,૨૨૯ | જોગવાઈ | ૨૮,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ |
| કાયમી ફંડ ખાતે |  |  | અન્યખર્ચ | ૨,૪૯૫ | ૯,૭૦૪ |
| ટ્રાન્સફર | ૬,૮૨,૪૪૮ | ૭,૫૮,૨૭૫ | વ્યાજ ખર્ચ | ૪,૫૯૦ | ૪,૫૯૦ |
| તુટ સરવૈયામાં | ૬,૫૯,૧૪૮ | — | રીઝર્વ ફંડથી લાવ્યા | ૧૯,૫૭,૨૩૬ | ૨૧,૫૮,૭૫૫ |
|  |  |  | ધાર્મિક હેતુ ખર્ચ | ૩૯,૫૦,૦૮૪ | ૪૪,૧૯,૫૦૬ |
|  |  |  | વર્ષ આખરે વધારો | — | ૧૬,૮૩,૨૧૭ |
|  | ૯૦,૩૪,૬૯૫ | ૯૨,૯૪,૪૨૯ |  | ૯૦,૩૪,૬૯૫ | ૯૨,૯૪,૪૨૯ |

## તા. ૩૧-૩-૨૦૧૦નું સરવૈયુ

| ફંડ જવાબદારી | ૩૧-૩-૨૦૦૯ | ૩૧-૩-૨૦૧૦ | મિલ્કત-લેણું | ૩૧-૩-૨૦૦૯ | ૩૧-૩-૨૦૧૦ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૧૩,૭૦,૩૩૨ | ૧૩,૭૦,૩૩૨ | સ્થાવર મિલ્કત | ૬,૨૦,૪૩,૬૭૩ | ૬,૨૭,૪૬,૪૭૨ |
| મિલ્કત ફંડ | ૫,૭૨,૫૧,૩૯૨ | ૫,૭૫,૦૮,૩૯૨ | ડેડ સ્ટોક ફર્નિચર | ૧૩,૮૭,૯૭૨ | ૧૭,૧૨,૬૩૯ |
| કાયમી ફંડ | ૩,૭૪,૬૮,૯૦૩ | ૪,૨૬,૬૫,૦૭૭ | જંગમ મિલ્કત | ૬૫,૮૧,૨૪૬ | ૭૪,૧૨,૭૧૨ |
| ચાલુ ફંડ | ૬૭,૫૧,૫૫૭ | ૬૯,૨૦,૨૦૦ | પુસ્તક, કાગળ સ્ટોક, પ્રિન્ટીંગ | ૩૬,૪૦,૮૦૫ | ૩૪,૬૨,૯૯૫ |
| રૂમબ્લોક ડીપોઝીટ | ૬૩,૮૪,૮૪૦ | ૬૪,૦૪,૮૪૦ | જૈન સેવા સમિતી | ૧૫,૯૯,૩૭૧ | ૧૬,૬૧,૧૩૦ |
| અન્ય દેવાં | ૨૦,૭૩,૫૯૧ | ૨૪,૯૧,૦૮૩ | અન્ય લેણાં | ૨,૯૨,૦૩૩ | ૩,૩૪,૪૩૭ |
|  |  |  | રોકાણો | ૫,૩૫,૦૦,૦૦૦ | ૬,૨૦,૦૦,૦૦૦ |
| ઉપજ ખર્ચ | ૧,૮૨,૦૧,૩૨૯ | ૨,૧૬,૯૨,૩૯૦ | બેન્ક બેલેન્સ | ૩૨,૪૦,૦૮૫ | ૧૨,૯૮,૮૮૧ |
| જોગવાઈ | ૨૮,૦૦,૦૦૦ | ૯,૯૨,૧૫૬ | પુરાંત | ૧૬,૭૫૯ | ૧૫,૨૦૪ |
| નવી જોગવાઈ | — | ૬,૦૦,૦૦૦ |  |  |  |
|  | ૧૩,૨૩,૦૧,૯૪૪ | ૧૪,૦૬,૪૪,૪૭૦ |  | ૧૩,૨૩,૦૧,૯૪૪ | ૧૪,૦૬,૪૪,૪૭૦ |

તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૩-૨૦૧૦ કુલ આવક વર્ષ દરમ્યાન :

કાયમી ફંડમાં ઉમેરો　૫૧,૯૬,૧૭૪　ધ્રુવફંડ ખાતે

ચાલુ ફંડમાં ઉમેરો　૧,૬૮,૬૪૩　આ રકમ જે ખાતામાં હોય તે ખાતામાં વાપરવાની હોય છે.

　૫૩,૬૪,૮૧૭

આવક દાન તથા ભંડાર　૯૨,૯૪,૪૨૯

　૧,૪૬,૫૯,૨૪૬

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કહાનસૂર્ય દિગંબર જૈન ભોજન સમિતિ, સોનગઢ
## તા. ૩૧-૩-૨૦૧૦ નાં પુરા થતાં વર્ષનું આવક જાવક ખાતુ.

| આવક | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભોજન આવક | ૧૪,૦૭,૨૧૫ | દુધ, શાકભાજી, બળતણ, પોસ્ટેજ, | |
| કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ | ૧૨,૬૦,૦૦૦ | ટેલિફોન, પગાર, ઈલેકટ્રીક બીલ, | |
| કાયમી જમણનાં ખર્ચનાં સ્વાધ્યાય મંદિર પાસેથી | ૨,૭૧,૦૧૮ | કોઠાર વપરાશ વિગેરે. | ૩૭,૮૫,૪૮૨ |
| કોટા ફંડના વ્યાજનાં કાયમી ભોજનનિધિ તથા ધ્રુવફંડના | ૮,૧૫,૦૦૪ | | |
| બેન્ક વ્યાજ | ૧૫,૧૪૪ | | |
| ભંગાર વેચાણ | ૭,૮૭૦ | | |
| તુટ સરવૈયામાં લઈ ગયા | ૯,૨૩૧ | | |
| | ૩૭,૮૫,૪૮૨ | | ૩૭,૮૫,૪૮૨ |

## તા. ૩૧-૩-૨૦૧૦નાં રોજ પુરા થતાં વર્ષનું સરવૈયુ

| ફંડ જવાબદારી | રકમ | મિલ્કત–લેણા | રકમ |
|---|---|---|---|
| સ્વામીવાત્સલ્ય ખુશાલી ફંડ | ૩,૬૦,૧૨૧ | કોઠાર સ્ટોક | ૧,૦૬,૯૩૮ |
| ઉપજ ખર્ચ ખાતુ | | અન્ય લેણાં | ૪,૦૦૦ |
| ગ.વ. મુજબ ૧૦,૦૪,૩૦૦ | | બેન્ક ઓફ ઈન્ડિયા એફ. ડી. | ૨,૪૪,૭૧૩ |
| ચાલુ સાલ તુટ ૯,૨૩૧ | ૯,૯૫,૦૬૯ | બેન્ક ઓફ ઈન્ડિયા સેવીંગ | ૧,૯૫૦ |
| અન્ય જવાબદારી | ૧,૧૪,૫૪૯ | S.B.I. સેવીંગ | ૮૯,૫૪૮ |
| રીક્ષાફંડ | ૧,૬૨,૫૦૧ | રીક્ષા | ૧,૮૮,૩૬૦ |
| | | ડેડ સ્ટોક | ૯,૮૯,૭૯૦ |
| | | ટી.ડી.એસ. રીફંડ | ૨,૧૪૦ |
| | | પુરાંત | ૪,૮૦૧ |
| | ૧૬,૩૨,૨૪૦ | | ૧૬,૩૨,૨૪૦ |





**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ પ્રેરિત**
**શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવકમંડળ આયોજિત**

# વચનામૃત વર્ષ

**સૌજન્ય : શ્રીમતી લાભુબેન ચીમનલાલ મોદી પરિવાર હ. હિનાબેન-વિજયભાઈ તથા પારસ**

## પ્રશ્નપત્ર ક્રમાંક—૨ (કુલ માર્કસ-૫૦)

(અભ્યાસક્રમ : (૧) ગુરુદેવશ્રીના વચનામૃત ક્રમાંક ૨૬ થી ૫૦,
(૨) બહેનશ્રીના વચનામૃત ક્રમાંક ૩૭ થી ૭૨)

---

પરીક્ષાર્થીનું નામ : .................................... ગામનું નામ : ....................

મંડળનું નામ : ........................................ ઉંમર : ....................

ફોન નં.: .................................................... તા. -૦૨-૨૦૧૧

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર વચનામૃતના આધારે આપવા જરૂરી છે.

---

**પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (૫)

(૧) જગતમાં જે કાંઈ સુંદરતા, પવિત્રતા હોય તે આત્મામાં ભરી છે. (૨) પૂજ્ય ગુરુદેવશ્રી 'તપ'નું સ્વરૂપ શું બતાવે છે? (૩) પૂજ્ય ગુરુદેવશ્રીએ દર્શાવેલ દ્રવ્યદૃષ્ટિનું સ્વરૂપ.

**(બ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (૫)

(બ) (૧) ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી (૨) અજ્ઞાની જીવ શા માટે અટક્યો? (૩) ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા

**પ્રશ્ન : ૨ (અ) નીચે આપેલ વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર તમારા મૌલિક શબ્દોમાં વિસ્તૃત ચર્ચા કરો. (પાંચથી દસ લીટી)** (૪)

(૧) પૂજ્ય ગુરુદેવશ્રી દયાધર્મ કોને કહે છે. (૨) પ્રવચનસાર અને સમયસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ તથા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનો શું અંતર્નાદ છે? (૩) "શાસ્ત્રમાં વ્યવહાર અને પરમાર્થ બંને વાત આવે છે" વિસ્તારથી ચર્ચા કરો.

**(બ) નીચે આપેલ વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર તમારા મૌલિક શબ્દોમાં વિસ્તૃત ચર્ચા કરો. (પાંચથી દસ લીટી)** (૪)

(૧) "થોડો પુરુષાર્થ કરી મેં ઘણું જ કર્યું છે" એમ માનવાથી શું હાની થાય છે? વિગતે ચર્ચો (૨) "વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહીં" શું કરવાથી? વિગતે ચર્ચો. (૩) જિજ્ઞાસુએ લગનીને કઈ રીતે જાગૃત રાખવી જોઈએ?

**પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** (૮)

(૧) પૂજ્ય ગુરુદેવશ્રી સાધકદશા કોને કહે છે? તેનાથી શું પ્રગટે છે?

(૨) જગતમાં કેવી ભ્રામક માન્યતાઓ પ્રચલિત છે?

(૩) પૌદ્ગલિક પદાર્થોની ક્રિયાને હું જ કરું છું એવું માનનાર પોતાને કેવા સ્વરૂપવાળો માને છે?

(૪) પૂજ્ય ગુરુદેવશ્રીના મતે ક્યા ગૃહસ્થને ધર્મનો સાચો પ્રેમ નથી?
(૫) નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં શું થાય છે?
(૬) કયા ભવ્ય જીવના ભવ નષ્ટ થઈ જાય છે?

**(બ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૮)**

(૧) આત્માર્થી જીવને બધા વિકલ્પો શા માટે છૂટી જાય છે?
(૨) ખરો મુમુક્ષુ મૂળ માર્ગને કેવી રીતે શોધી કાઢે છે?
(૩) સાધકને પ્રગટેલી શુદ્ધદશા કઈ રીતે જળવાઈ રહે છે
(૪) સાધકદશામાં શુભભાવ વચ્ચે આવે છે ખરા! તો સાધક શું કરે છે?
(૫) યથાર્થ રુચિ સહિતના શુભભાવો કેવા હોય છે?
(૬) કઈ ભાવના કદી નિષ્ફળ જતી નથી?

**પ્રશ્ન : ૪ (અ) દરેક પ્રશ્નના સાચા જવાબ ઉપર નિશાની કરો. (૬)**

**૧. અબંધભાવ શું છે?**

(અ) સ્વસન્મુખથી પ્રતીતિનું જોર (બ) એકરૂપ પરિપૂર્ણ ધ્રૌવ્ય સ્વભાવ (ક) દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ (ડ) વ્રત-તપાદિના શુભભાવ

**૨. ક્રોધ કોની હયાતિ વિના જાણી શકાય નહીં?**

(અ) ક્ષાયિકજ્ઞાનની (બ) ક્રોધકર્મના ઉદયની (ક) પોતાની (ડ) દુશ્મનની

**૩. જિનેન્દ્રની મૂર્તિ કેવી હોય છે?**

(અ) બાધકદશાનું અવલંબન (બ) સાધકદશાનું સાધન (ક) સાક્ષાત્ જિનેન્દ્ર તુલ્ય (ડ) સાક્ષાત્ સિદ્ધ સમાન

**૪. સમયસાર શાસ્ત્ર શું નથી?**

(અ) અનુભવપ્રધાન શાસ્ત્ર (બ) લાખો શાસ્ત્રોનો નિચોડ (ક) નિજ શુદ્ધાત્મતત્ત્વ (ડ) શબ્દબ્રહ્મરૂપ પરમાગમ

**૫. ભગવાન નિશ્ચય 'તપ' કોને કહેતા નથી?**

(અ) અનશનાદિ બાર પ્રકારના શુભભાવ (બ) સ્વભાવની સ્થિરતા (ક) જ્ઞાયકનું નિસ્તરંગ પ્રતપન (ડ) ઇચ્છાનો નિરોધ

**૬. દયા ધર્મ શું છે?**

(અ) પરની રક્ષા કરી શકું એવી માન્યતા (બ) વીતરાગ પરિણતિ (ક) સ્વની રક્ષા કરવાનો ભાવ (ડ) પરની રક્ષા કરવાનો ભાવ.

**(બ) દરેક પ્રશ્નના માત્ર એક વાક્યમાં ઉત્તર આપો. (૬)**

(૧) શું થાય તો માર્ગ મળે જ?
(૨) વર્તમાન પાત્ર કોણ છે?
(૩) જેનું નિવૃત્તિમય જીવન હોય તેને કેવું જીવન ન ગમે?
(૪) જ્ઞાનીને દૃષ્ટિ અપેક્ષાએ કોની અત્યંત ભિન્નતા ભાસે છે?
(૫) ક્યો જીવ પોતાના સૂક્ષ્મ પરિણામને ન પકડી શકે?
(૬) દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા શામાં નિમિત્ત છે?

**(ક) ખાલી જગ્યા પૂરો. (૪)**

(૧) કર્તા એક દ્રવ્ય હોય તેનું કર્મ.............................. હોય એવું બને જ નહીં.
(૨) ..................................એ તો સનાતન જૈન દર્શન છે.
(૩) પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી મળે તે............................ છે.
(૪) પ્રયોજન તો........................ જ રાખવું.

# SMS સ્પર્ધા

## SMS સ્પર્ધામાં ભાગ લેવા માટે ખાસ સૂચના

(૧) SMS સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૩૦૦ SMS પોતાના સ્વહસ્તાક્ષરમાં (મૂળ કોપી) લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૧-૨૦૧૧ થી ૨૦-૧૨-૨૦૧૧ રહેશે.

(૨) આ સ્પર્ધા માટે વધુમાં વધુ SMS કંઠસ્થ કરવા (વધુમાં વધુ ૫૦) તથા પોતાના બોલેલા SMS માંથી કોઈપણ ૧૦ SMS ના ભાવ બતાવવા માટે આપને કહેવામાં આવે તો તેનો યથાર્થ ભાવ બતાવવો જરૂરી છે. નિર્ણાયકો દ્વારા માર્ક્સ આપવામાં આવશે અને તેમના દ્વારા પસંદ કરાયેલ વિજેતાઓને પ્રથમ, દ્વિતીય તથા તૃતીય એ પ્રમાણે ઈનામ આપવામાં આવશે.

(૩) આ સ્પર્ધામાં ભાગ લેનારાઓ માટે બે વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

(A) **૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :** બાળકો પોતાના વડીલોના મોબાઈલમાંથી SMS લખીને સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.

A વિભાગના સ્પર્ધકોને નીચે મુજબના ત્રણ ઈનામ આપવામાં આવશે.

પ્રથમ : ૫૦૦૦/-, દ્વિતીય : ૩૦૦૦/-, તૃતીય : ૧૫૦૦/- રૂપિયા

(B) **૧૪ વર્ષથી મોટી ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ :**

B વિભાગના સ્પર્ધકોને નીચે મુજબના ત્રણ ઈનામ આપવામાં આવશે.

પ્રથમ : ૪૦૦૦/-, દ્વિતીય : ૨૫૦૦/-, તૃતીય : ૧૫૦૦/- રૂપિયા

આ સિવાયના સ્પર્ધામાં ભાગ લેનારા (૩૦૦ SMS લખનાર) દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. પરંતુ તે માટે તેઓએ ઓછામાં ઓછા ત્રણ SMS કંઠસ્થ કરીને સોનગઢમાં બોલવા જરૂરી છે. આ સ્પર્ધા સોનગઢમાં યોજવામાં આવનાર આગામી ડીસેમ્બર ૨૦૧૧ની બાળ શિક્ષણ શિબિરમાં રાખવામાં આવશે.

(૪) એ ઉપરાંત જે મુમુક્ષુઓએ પોતાની SMS બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના ત્રણ પુરસ્કાર આપવામાં આવશે.

પ્રથમ : ૫૦૦/-, દ્વિતીય : ૩૦૦/-, તૃતીય : ૨૦૦/- રૂપિયા

**સૂચના :** (૧) જેમનું SMS બોક્સ પૂરું ભરાઈ જાય તેમના માટે SMS પોતાની નોટબુકમાં લખી લઈને બોક્સને ખાલી કરવું જરૂરી છે. જેથી આપના મોબાઈલ પર નિયમિત SMS આવી શકે.

(૨) એક વ્યક્તિને એક કરતા વધારે મોબાઈલ ઉપર SMS આવતા હોય તો એક રાખી બાકીના મોબાઈલ નંબર નીચેના નંબર ઉપર કેન્સલ કરાવવા વિનંતી

+91 9327931999 માં SMS કરવો અથવા

+91 (02846) 244944 / 244940 માં ફોન કરવો અથવા

jitendra@kanjiswami.org માં email કરવો.

## શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા
## પૂજ્ય ગુરુદેવશ્રીના ૭૭ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૭૭મા વર્ષનો મંગલ ઉત્સવ સ્વ. કાંતાબેન હિંમતલાલ ડેલીવાળા પરિવાર હસ્તે વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા, સુરેન્દ્રનગર દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં દ્વિદિવસીય મહોત્સવરૂપે ચૈત્ર સુદ-૧૨ શુક્રવાર તા. ૧૫-૪-૨૦૧૧ થી **ચૈત્ર સુદ-૧૩ શનિવાર તા. ૧૬-૪-૨૦૧૧** સુધી પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## 'વચનામૃત વર્ષ' વિષે સૂચનાઓ

(૧) 'વચનામૃત વર્ષ'નાં પ્રશ્નપત્ર ભારતના મુમુક્ષુ મંડળોને પોસ્ટ અથવા કુરિયર દ્વારા મોકલવામાં આવશે તથા દરેક મહિનાના આત્મધર્મ અંકમાં આપવામાં આવશે તેમજ ઇન્ટરનેટ ઉપર પણ મૂકવામાં આવશે. પરંતુ વ્યક્તિગતરૂપે પ્રશ્નપત્ર મોકલવાનું સંભવિત નથી.

(૨) જે મુમુક્ષુમંડળોને પ્રશ્નપત્ર મળતાં ન હોય તેઓએ ટ્રસ્ટના કાર્યાલયનો સંપર્ક કરીને પોતાનું એડ્રેસ, ફોન નંબર તથા જરૂરીયાત મુજબના પ્રશ્નપત્રોની સંખ્યા જણાવવા વિનંતી છે.

(૩) ગુજરાત, સૌરાષ્ટ્ર તથા ઉત્તરભારતના બધા જ મંડળો ઉત્તરપત્રો સોનગઢ મોકલે અને મુંબઈ, મહારાષ્ટ્ર તથા દક્ષિણભારતના મંડળો પોતાના ઉત્તરપત્રો મલાડ (મુંબઈ) મોકલે.

(૪) જ્યાં મંડળો કાર્યરત છે તે મુમુક્ષુઓને નમ્ર નિવેદન છે કે પોતાના જવાબપત્રો વ્યક્તિગતરૂપે ન મોકલતાં, મંડળ દ્વારા જ અમને મોકલે. દરેક માસના જવાબપત્રો મોડામાં મોડા જે તે માસની છેલ્લી તારીખ સુધી અમને મળી રહે તે રીતે રવાના કરવા વિનંતી છે.

**સોનગઢનું એડ્રેસ :**

ઈન્ટરનેટ વિભાગ કાર્યાલય
C/o શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦(સૌરાષ્ટ્ર) જિ. ભાવનગર
(૦૨૮૪૬) ૨૪૪૯૪૦, ૨૪૪૯૪૪,
મો : ૦૯૪૨૭૭ ૦૦૭૮૩

**મલાડનું એડ્રેસ :**

શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ,
C/o શ્રી આદિનાથ દિગંબર જિનમંદિર મલાડ
૧૦૫, દફતરી રોડ, મલાડ, (ઇસ્ટ) મુંબઈ
ફોન નં. : (૦૨૨) ૨૮૮૩૯૬૦૪

**₹૧૧,૦૦૦/- શ્રી રમણીકલાલ લાલચંદ દોશી, ઘાટકોપર હસ્તે સ્મીતાબેન નરેન્દ્રભાઈ બાવીશી તરફથી આ અંકના પ્રકાશનાર્થ આર્થિક સહયોગ મળેલ છે.**

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાત: ૬-૦૦ થી ૬-૨૦ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: ૮-૦૦ થી ૮-૪૫ | : જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી સમયસાર કળશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિકા-મહોત્સવ :**—સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૭૧મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૨૭-૨-૨૦૧૧, રવિવારથી તા. ૬-૩-૨૦૧૧, (ફાગણ સુદ ૨) રવિવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાનજિન મંડલવિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :**—શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૨૭મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, મંગળવાર, તા. ૮-૩-૨૦૧૧ થી ફાગણ સુદ ૭, શનિવાર તા. ૧૨-૩-૨૦૧૧ સુધી આનંદોલ્લાસસહ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**ફાલ્ગુની નંદીશ્વર-અષ્ટાહ્નિકા :**—સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૧૨-૩-૨૦૧૧, શનિવારથી તા. ૧૯-૩-૨૦૧૧, શનિવાર સુધી ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :**—ફાગણ સુદ ૧૩, ગુરુવાર, તા. ૧૭-૩-૨૦૧૧ના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૩૮મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

—આ રીતે પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી, સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતત્વજ્ઞાનની પવિત્ર ઉપાસના, જિનેન્દ્રપૂજાભક્તિ આદિ અનેકવિધ પ્રસન્ન વાતાવરણથી તથા વિભિન્ન યાત્રીઓના આગમનથી સદૈવ પુલકિત રહે છે. આ બધો ભવ્ય પ્રતાપ તેઓ બંને સંતોના ધર્મોપકારનો છે. અહો! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનો ધર્મોપકારપ્રતાપ!

સ્થળ સંકોચના કારણે વૈરાગ્ય સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે.

શ્રી મધુરભાઈ મહેતા હ. શ્રી પ્રવીણાબેન, સોનાલી, અરિહંત તથા
બ્ર. કોકિલાબેન, રૂપાબેન અંતરના હર્ષોલ્લાસ સહ
અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઊજવે છે

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૯મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો "ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ" સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૯મી વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૨૮-૩-૨૦૧૧ સોમવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. "સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૨૪-૩-૨૦૧૧ ગુરુવારથી તા. ૨૮-૩-૨૦૧૧ સોમવાર—પાંચદિવસ સુધી, શ્રી 'રત્નત્રય મંડલ વિધાન પૂજા', પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના ભક્તિસભર પ્રવચનો, ધાર્મિક શિક્ષણવર્ગ, વિશેષ ભક્તિ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રી મધુરભાઈ મહેતા હ. પ્રવીણાબેન, સોનાલી, અરિહંત તથા બ્ર. કોકિલાબેન, રૂપાબેન દ્વારા અતિ આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા. ૬-૩-૨૦૧૧ રવિવારે સોનગઢમાં રાખેલ છે.

*નિમંત્રક*
*શ્રી મધુરભાઈ મહેતા પરિવારના*
*જય જિનેન્દ્ર*

*

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૧૧
અંક-૬ * વર્ષ-૫

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## * ક્લેશ એ સમ્યગ્દર્શનનું કારણ નથી !!! *

સમયસારના નિર્જરા અધિકારમાં કહ્યું છે : કોઈ જીવો તો અતિ દુષ્કર અને મોક્ષથી પરાઙ્મુખ એવાં કર્મો વડે સ્વયમેવ ક્લેશ પામે તો પામો અને બીજા કોઈ જીવો મહાવ્રત ને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા (—તૂટી મરતાં થકા) ક્લેશ પામો તો પામો......શું ક્લેશને કારણ બનાવીને આત્માનું સમ્યગ્દર્શન થાય? આહા! સર્વજ્ઞ વીતરાગના કેડાયત એવા દિગંબર સંતોનું આવું સ્પષ્ટ કથન છે; તેમના અનુયાયી સમકિતી પણ એમ જ કહે છે. ભાઈ! તું ધીરો થઈને સમ્યગ્જ્ઞાનની તીક્ષ્ણ બુદ્ધિથી, અંદર જે ધ્રુવ જ્ઞાયકતત્ત્વ પડ્યું છે તેને પકડ. ઉપયોગને પરમાં, રાગમાં ને પર્યાયમાં જકડી રાખ્યો છે એ તો મિથ્યાત્વ છે. ઉપયોગને ત્યાંથી છોડી, જરી સૂક્ષ્મ કરી અંદર અતીન્દ્રિય આનંદકંદ જ્ઞાયકને પકડી લે. આહા! આવો માર્ગ દિગંબર સંતો સિવાય બીજે ક્યાં છે?

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org